**GUJARAT BILL NO. 22 OF 2021.**

# THE GUJARAT GOODS AND SERVICES TAX (AMENDMENT) BILL, 2021.

***A BILL***

*further to amend the Gujarat Goods and Services Tax Act, 2017.*

**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૨.**

## ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૧.

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના બોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૨૧ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે:

પરંતુ આ અધિનિયમની જુદી જુદી જોગવાઇઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે.

**સન ૨૦૧૭નો ગુજરાતનો ૨૫મો.** **૨.** ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૭માં, પેટા-કલમ (૧)માં, ખંડ (ક) પછી, નીચેનો ખંડ દાખલ કરવો અને તે, સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી દાખલ કર્યો હોવાનું ગણાશે:- **સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૭નો સુધારો.**

"(કક) સ્વતંત્ર વ્યક્તિ સિવાયની કોઇ વ્યક્તિ દ્વારા, તેના સભ્યોને અથવા તેના ઘટકોને રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કિંમતી અવેજ બદલ (પૂરી પાડવામાં આવેલી) પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડો અથવા તેનાથી ઊલટો વ્યવહાર.

સ્પષ્ટીકરણ.- આ ખંડના હેતુઓ માટે, આથી, સ્પષ્ટતા કરવામાં આવે છે કે, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદા અથવા કોઇ કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા સત્તામંડળ-ના કોઇ ચુકાદા, હુકમનામા અથવા હુકમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, વ્યક્તિ અને

તેના સભ્યો અથવા તેના ઘટકો, બે અલગ અલગ વ્યક્તિઓ હોવાનું ગણાશે અને પરસ્પર પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડોનો પુરવઠો, આવી એક વ્યક્તિ તરફથી બીજી વ્યક્તિને પૂરો પાડ્યો હોવાનું ગણાશે;".

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૧૬નો સુધારો.

**૩.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬માં, પેટા-કલમ (૨)માં, ખંડ (ક) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(કક) ખંડ (ક)માં ઉલ્લેખેલ ભરતિયા અથવા ઉધાર પત્રની વિગતો, પુરવઠાકાર દ્વારા જાવક પુરવઠાના પત્રકમાં રજૂ કરવામાં આવી હોય અને કલમ ૩૭ હેઠળ નિર્દિષ્ટ કરેલી રીતે આવી વિગતોની જાણ, આવું ભરતિયું અથવા ઉધાર પત્ર મેળવનારને કરવામાં આવી હોય;".

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૩૫નો સુધારો.

**૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૫માં, પેટા-કલમ (૫) કમી કરવી.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૪૪ બદલવા બાબત.

**૫.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૪ને બદલે, નીચેની કલમ મૂકવી:-

વાર્ષિક પત્રક.

"**૪૪.** ઇનપુટ સેવા વિતરક, કલમ ૫૧ અથવા કલમ ૫૨ હેઠળ વેરો ચૂકવતી વ્યક્તિ, પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિ અને બિન-નિવાસી વેરાપાત્ર વ્યક્તિ સિવાયની દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ, ઠરાવવામાં આવે તેટલા સમયની અંદર, તેવા નમૂનામાં અને તેવી રીતે ઇલેક્ટ્રોનિક સ્વરૂપે વાર્ષિક પત્રક રજૂ કરવું જોઇશે, જેમાં દરેક નાણાકીય વર્ષ માટેના ઓડિટ થયેલા વાર્ષિક નાણાકીય પત્રક સાથે નાણાકીય વર્ષ માટે રજૂ કરેલા પત્રકમાં જાહેર કરેલી પુરવઠાની કિંમતનો મેળ કરતાં સ્વ-પ્રમાણિત મેળવણી પત્રકનો સમાવેશ થઇ શકશે:

પરંતુ કમિશનર, કાઉન્સિલની ભલામણોને આધારે, જાહેરનામાથી, રજિસ્ટર થયેલી વ્યક્તિઓના કોઇપણ વર્ગને, આ કલમ હેઠળનું વાર્ષિક પત્રક ભરવામાંથી મુક્તિ આપી શકશે:

વધુમાં, આ કલમમાંનો કોઇપણ મજકૂર, જેના હિસાબના ચોપડા, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (નિયંત્રક અને મહાલેખા પરીક્ષક) અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ સ્થાનિક સત્તામંડળોના

હિસાબોનું ઓડિટ કરવા માટે નીમાયેલા કોઇ ઓડિટર દ્વારા ઓડિટને અધીન હોય તેવા કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારના કોઇપણ વિભાગને અથવા કોઇ સ્થાનિક સત્તામંડળ-ને લાગુ પડશે નહિ.".

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૦માં, પેટા-કલમ (૧)માં, વિદ્યમાન પરંતુકને બદલે, નીચેનો પરંતુક મૂકવો અને તે, સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ મૂક્યો હોવાનું ગણાશે:- સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૫૦નો સુધારો.

"પરંતુ વેરા મુદત દરમિયાન આપેલા અને કલમ ૩૯ની જોગવાઇઓ અનુસાર નક્કી કરેલી તારીખ પછી રજૂ કરેલા સદરહુ મુદત માટેના પત્રકમાં જાહેર કરેલા પુરવઠાના સંબંધમાં ચૂકવવાપાત્ર વેરાનું વ્યાજ, આવું પત્રક, સદરહુ મુદતના સંબંધમાં, કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળની કોઇપણ કાર્યવાહીની શરૂઆત પછી રજૂ કરવામાં આવ્યું હોય તે સિવાય, ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાં ઉધારીને, ચૂકવેલ હોય તેવા વેરાના ભાગ પર ચૂકવવાપાત્ર થશે.".

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭૪માં, સ્પષ્ટીકરણ ૧માં, ખંડ (૨)માં, "કલમો ૧૨૨, ૧૨૫, ૧૨૯ અને ૧૩૦" એ શબ્દો અને આંકડાને બદલે, "કલમો ૧૨૨ અને ૧૨૫" એ શબ્દો અને આંકડા મૂકવા. સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૭૪નો

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭૫માં, પેટા-કલમ (૧૨)માં, નીચેનું સ્પષ્ટીકરણ દાખલ કરવું:- સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૭૫નો સુધારો.

"સ્પષ્ટીકરણ.- આ પેટા-કલમના હેતુઓ માટે, "સ્વ-આકારેલી વેરાની રકમ" એ શબ્દપ્રયોગમાં, કલમ ૩૭ હેઠળ રજૂ કરેલા જાવક પુરવઠાની વિગતોના સંબંધમાં ચૂકવવાપાત્ર પરંતુ કલમ ૩૯ હેઠળ રજૂ કરેલા પત્રકમાં સમાવિષ્ટ નહિ કરેલા વેરાનો સમાવેશ થશે.".

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૮૩માં, પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:- સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૮૩નો સુધારો.

"(૧) પ્રકરણ ૧૨, પ્રકરણ ૧૪ અથવા પ્રકરણ ૧૫ હેઠળ કોઇ પણ કાર્યવાહી શરૂ કર્યા પછી, કમિશનરનો એવો અભિપ્રાય હોય કે સરકારી મહેસૂલના હિતનું રક્ષણ કરવાના હેતુ માટે તેમ કરવું જરૂરી છે, તો તે, લેખિતમાં હુકમ કરીને, વેરાપાત્ર વ્યક્તિ અથવા કલમ

૧૨૨-ની પેટા-કલમ (૧ક)માં નિર્દિષ્ટ કરેલી કોઇ પણ વ્યક્તિના બેંક ખાતા સહિતની કોઇ મિલકત, ઠરાવવામાં આવે તેવી રીતે કામચલાઉ રીતે ટાંચમાં લઇ શકશે.".

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ

**૧૦.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૭માં, પેટા-કલમ (૬)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"પરંતુ અપીલ કરનારે દંડની રકમના પચીસ ટકા જેટલી રકમ ભરી હોય તે સિવાય, કલમ ૧૨૯ની પેટા-કલમ (૩) હેઠળના હુકમ સામે કોઇ અપીલ કરી શકાશે નહિ.".

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૧૨૯-

**૧૧.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨૯માં,-

(૧) પેટા-કલમ (૧)માં, ખંડો (ક) અને (ખ)ને બદલે, નીચેના ખંડો મૂકવા:-

"(ક) માલનો માલિક, આવા દંડની ચુકવણી માટે તૈયાર થાય, ત્યારે આવા માલ પર ચૂકવવાપાત્ર વેરાના બસો ટકા જેટલો દંડ અને મુક્તિ (માફી) આપવામાં આવેલા માલના કિસ્સામાં, માલની કિંમતના બે ટકા જેટલી રકમ અથવા પચીસ હજાર રૂપિયા, બેમાંથી જે ઓછું હોય તેની ચુકવણી કર્યેથી;

(ખ) માલનો માલિક, આવા દંડની ચુકવણી માટે તૈયાર થાય નહિ, ત્યારે માલની કિંમતના પચાસ ટકા અથવા આવા માલ પર ચૂકવવાપાત્ર વેરાના બસો ટકા, બેમાંથી જે વધારે હોય, તેટલા દંડની ચુકવણી કર્યેથી અને મુકિત (માફી) આપેલા માલના કિસ્સામાં, માલની કિંમતના પાંચ ટકા જેટલી રકમ અથવા પચીસ હજાર રૂપિયા, બેમાંથી જે ઓછું હોય, તેની ચુકવણી કર્યેથી;";

(૨) પેટા-કલમ (૨) કમી કરવી;

(૩) પેટા-કલમ (૩)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૩) માલ અથવા વાહનોની અટકાયત કરતા અથવા તેને જપ્ત કરતા યોગ્ય અધિકારીએ, આવી અટકાયત અથવા જપ્તીના સાત દિવસની અંદર, ચૂકવવાપાત્ર દંડ નિર્દિષ્ટ કરતી નોટિસ આપવી જોઇશે અને ત્યાર પછી આવી નોટિસ આપ્યાની તારીખથી સાત દિવસની મુદતની અંદર, પેટા-કલમ (૧)ના ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળ દંડની ચુકવણી માટે હુકમ કરવો જોઇશે.";

(૪) પેટા-કલમ (૪)માં, "વેરા, વ્યાજ અથવા દંડ નક્કી કરવા જોઇશે નહિ એ શબ્દોને બદલે,"દંડ નક્કી કરવો જોઇશે નહિ એ શબ્દો મૂકવા;

(૫) પેટા-કલમ (૬)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

(૬) કોઇ માલની હેરફેર કરતી વ્યક્તિ અથવા એવા માલનો માલિક, પેટા-કલમ (૩) હેઠળ પસાર કરેલા હુકમની નકલ મળ્યાની તારીખથી પંદર દિવસની અંદર પેટા-કલમ (૧) હેઠળ દંડની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય, ત્યારે આવી રીતે અટકાયત કરેલા અથવા જપ્ત કરેલા માલ અથવા વાહનો, પેટા-કલમ (૩) હેઠળ ચૂકવવાપાત્ર દંડ વસૂલ કરવા માટે, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલા સમયમાં વેચી દેવાને અથવા અન્યથા તેનો નિકાલ કરી દેવાને પાત્ર રહેશે:

પરંતુ માલની હેરફેર કરનાર દ્વારા પેટા-કલમ (૩) હેઠળ દંડ અથવા એક લાખ રૂપિયા, બેમાંથી જે ઓછું હોય, તેની ચુકવણી કર્યેથી (અટકાયત કરેલા) વાહન મુક્ત કરવામાં આવશે:

વધુમાં, અટકાયત કરવામાં આવેલો અથવા જપ્ત કરવામાં આવેલો માલ, ખરાબ થઇ જાય તેવો અથવા જોખમી પ્રકારનો હોય અથવા સમય જતાં તેની કિંમત ઘટવાની સંભાવના હોય, ત્યારે યોગ્ય અધિકારી પંદર દિવસની સદરહુ મુદત ઘટાડી શકશે..

૧૨. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૦માં,- સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૧૩૦નો સુધારો.

(ક) પેટા-કલમ (૧) માં,"આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં એ શબ્દોને બદલે,"જ્યારે એ શબ્દ મૂકવો;

(ખ) પેટા-કલમ (૨) માં, બીજા પરંતુકમાં,"કલમ ૧૨૯ ની પેટા-કલમ (૧) હેઠળ લેવાપાત્ર શિક્ષાની રકમ"એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે,"આવા માલ પર ચૂકવવાપાત્ર વેરાના સો ટકા જેટલા દંડ એ શબ્દો મૂકવા;

(ગ) પેટા-કલમ (૩) કમી કરવી.

૧૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૫૧ને બદલે, નીચેની કલમ મૂકવી:- સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૧૫૧ બદલવા બાબત.

આંકડા એકઠા કરવાની સત્તા. "**૧૫૧.** કમિશનર અથવા તેમણે અધિકૃત કરેલા અધિકારી, હુકમ કરીને, કોઇ વ્યક્તિને, આ અધિનિયમના સંબંધમાં તજવીજ કરી હોય તેવી કોઇ બાબતને લગતી માહિતી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા સમયમાં, તેવા નમૂનામાં અને તેવી રીતે રજૂ કરવા આદેશ કરી શકશે.".

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની કલમ ૧૫૨નો સુધારો.

**૧૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૫૨-માં,-

(ક) પેટા-કલમ (૧) માં,-

(૧) "કોઇ વ્યક્તિગત પત્રક અથવા તેના કોઇ ભાગમાં" એ શબ્દો કમી કરવા;

(૨) "આ અધિનિયમ હેઠળની કોઇ કાર્યવાહીઓ"એ શબ્દો પહેલા, "સંબંધિત વ્યક્તિને સુનાવણીની તક આપ્યા વગર," એ શબ્દો ઉમેરવા;

(ખ) પેટા-કલમ (૨) કમી કરવી.

સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા અધિનિયમની અનુસૂચિ ૨નો સુધારો.

**૧૫.** મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૨-માં, પરિચ્છેદ ૭ કમી કરવો અને તે, સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ કમી કર્યો હોવાનું ગણાશે.

## ઉદ્દેશો અને કારણો

માલ અથવા સેવા અથવા તે બંનેના રાજ્યાંતર્ગત પુરવઠા પર સરકાર દ્વારા વેરો લેવા અને તેની વસૂલાત માટેની જોગવાઈ કરવાના ઉદ્દેશથી ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ એ (સદરહુ અધિનિયમ) અધિનિયમિત કરવામાં આવ્યો હતો.

સૂચિત ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક, ૨૦૨૧ બીજી બાબતોની સાથોસાથ નીચેની બાબતો માટે જોગવાઈ કરી છે.-

(૧) ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની પેટા-કલમ (૧)માં નવો ખંડ (કક) દાખલ કરીને, સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી પશ્ચાદવર્તી અસરથી, તેની કલમ ૭ સુધારવી, કે જેથી કરીને સ્વતંત્ર વ્યક્તિ સિવાયની કોઈ વ્યક્તિ દ્વારા તેના સભ્યો અથવા ઘટકો અથવા તેનાથી *ઊલટા વ્યવહારમાં* રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજી કીમતી અવેજ માટે માલ અથવા સેવાઓના પુરવઠાને સમાવિષ્ટ કરતી પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડો પર વેરો નાખવાનું સુનિશ્ચિત કરી શકાય અને તેમાં સ્પષ્ટીકરણ દાખલ કરવું કે જેથી કરીને સ્પષ્ટ કરી શકાય કે વ્યક્તિ અથવા તેના સભ્યો અથવા ઘટકો, બે અલગ વ્યક્તિઓ હોવાનું ગણાશે અને પરસ્પર પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડોનો પુરવઠો, એક વ્યક્તિએ બીજી વ્યક્તિને પૂરો પાડેલો ગણાશે.

(૨) ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની પેટા-કલમ (૨) માં નવો ખંડ (કક) દાખલ કરીને તેની કલમ ૧૬ સુધારવી, જેથી કરીને ભરતિયા અથવા ઉધાર નોંધની વિગતો, પુરવઠાકાર દ્વારા જાવક પુરવઠાના પત્રકમાં પૂરી પાડવામાં આવી હોય અને આવી વિગતોની જાણ, આવું ભરતિયું અથવા ઉધાર નોંધ મેળવનારને કરવામાં આવી હોય, ત્યારે જ ભરતિયા અથવા ઉધાર નોંધ પરનો ઈનપુટ વેરા શાખ ઉપલભ્ય કરી શકાશે.

(૩) ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૩૫ ની પેટા-કલમ (૫) કમી કરવી, જેથી કરીને વાર્ષિક હિસાબોનું ઓડિટ કરાવવાની અને નિર્દિષ્ટ કરેલા વ્યવસાયી દ્વારા રજૂ કરાયેલ મેળવણી પત્રકને ફરજિયાત જરૂરિયાત દૂર કરી શકાય.

(૪) પેટા-કલમ (૧)ના પરંતુકને બદલવા માટે ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૫૦ સુધારવી, અને જેથી કરીને, સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ, પશ્ચાદવર્તી રીતે ચોખ્ખી રોકડ જવાબદારી પર વ્યાજ નાંખી શકાય.

(૫) ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૭૪ સુધારવી, જેથી કરીને, માર્ગસ્થ માલ અને વાહનોની ટાંચ અને જપ્તીને, વેરાની વસૂલાતથી અલગ કાર્યવાહી કરી શકાય.

(૬) ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૮૩ની પેટા-કલમ (૧) બદલવી, જેથી કરીને એવી જોગવાઈ કરી શકાય કે પ્રકરણ ૧૨, પ્રકરણ ૧૪ અથવા પ્રકરણ ૧૫ હેઠળની કોઈ કાર્યવાહીના આરંભથી શરૂ થતી તે હેઠળ કરવામાં આવેલા હુકમની તારીખથી એક વર્ષની મુદત પૂરી થાય ત્યાં સુધી સમગ્ર મુદત માટે કામચલાઉ રીતે ટાંચમાં લેવાનું માન્ય રહેશે.

(૭) ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૦૭ની પેટા-કલમ (૬)માં નવો પરંતુક દાખલ કરવો, જેથી કરીને અપીલ કરનાર દ્વારા દંડની પચીસ ટકા જેટલી રકમની ચુકવણી ન કરવામાં આવે તો કલમ ૧૨૯ની પેટા-કલમ (૩) હેઠળ કરવામાં આવેલા હુકમ વિરુદ્ધ કોઈપણ અપીલ દાખલ કરી શકાશે નહિ.

(૮) ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૨૯ સુધારવી, જેથી કરીને માલ અથવા વાહનોની જપ્તી અને દંડ લેવા સંબંધિત કલમ ૧૩૦ હેઠળની કાર્યવાહીથી માર્ગસ્થ માલ અને વાહનોની અટકાયત, જપ્તી અને મુક્તિને સંબંધિત તે કલમ હેઠળની કાર્યવાહીને અલગ કરી શકાય.

(૯) ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૩૦ સુધારવી, જેથી કરીને માર્ગસ્થ માલ અને વાહનની અટકાયત, જપ્તી અને મુક્તિના સંબંધમાં કલમ ૧૨૯ હેઠળની કાર્યવાહીથી માલ અથવા વાહનની જપ્તી અને દંડની વસૂલાત સંબંધિત તે કલમ હેઠળની કાર્યવાહીને અલગ કરી શકાય.

(૧૦) ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૫૧ બદલવી, જેથી કરીને કમિશનરને કોઈ વ્યક્તિ પાસેથી, અધિનિયમ સંબંધિત તજવીજ કરેલી કોઈ બાબતોના સંબંધમાં માહિતી મંગાવવા માટેની સત્તા આપી શકાય.

(૧૧) ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૫૨ ની પેટા-કલમ (૧) સુધારવી, જેથી કરીને એવી જોગવાઈ કરી શકાય કે કલમો ૧૫૦ અને ૧૫૧ હેઠળ મેળવવામાં આવેલી કોઈપણ માહિતીનો, સંબંધિત વ્યક્તિને સાંભળવાની તક આપ્યા સિવાય, અધિનિયમ હેઠળ કોઈ કાર્યવાહીઓના હેતુઓ માટે ઉપયોગ કરવો જોઈશે નહિ.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની મહત્વની જોગવાઇઓ સંક્ષિપ્તમાં સમજાવી છે:-

**કલમ ૧.-** આ કલમથી, ટૂંકી સંજ્ઞા અને આરંભ માટેની જોગવાઈ કરી છે.

**કલમ ૨.-** આ કલમથી ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ની પેટા-કલમ (૧)માં નવો ખંડ (કક) દાખલ કરીને, સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી પશ્ચાદવર્તી અસરથી, તેની કલમ ૭ સુધારવા ધારી છે, જેથી કરીને તે સ્વતંત્ર વ્યક્તિ સિવાયની કોઈ વ્યક્તિ દ્વારા તેના સભ્યો અથવા ઘટકોને અથવા તેનાથી *ઊલટા વ્યવહારમાં* રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજી કિમતી અવેજ માટે, માલ અથવા સેવાઓના પુરવઠાને સમાવિષ્ટ કરતી પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડો પર વેરો નાખવાનું સુનિશ્ચિત કરી શકાય.

વધુમાં તેનાથી, તેમાં *સ્પષ્ટીકરણ* દાખલ કરવા ધાર્યું છે, જેથી કરીને સ્પષ્ટ કરી શકાય કે વ્યક્તિ અથવા તેના સભ્યો અથવા ઘટકો, બે અલગ વ્યક્તિઓ હોવાનું ગણાશે અને પરસ્પર પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડોનો પુરવઠો, એક વ્યક્તિએ બીજી વ્યક્તિને પૂરો પાડેલો ગણાશે.

**કલમ ૩.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની પેટા-કલમ (૨) માં નવો ખંડ (કક) દાખલ કરીને, તેની કલમ ૧૬ સુધારવા ધાર્યું છે, જેથી કરીને ભરતિયા અથવા ઉધાર નોંધની વિગતો, પુરવઠાકાર દ્વારા જાવક પુરવઠાના પત્રકમાં પૂરી પાડવામાં આવી હોય અને આવી વિગતોની જાણ, આવું ભરતિયું અથવા ઉધાર નોંધ મેળવનારને કરવામાં આવી હોય, ત્યારે જ ભરતિયા અથવા ઉધાર નોંધ પરનો ઈનપુટ વેરો ઉપલભ્ય કરી શકાશે.

**કલમ ૪.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૩૫ ની પેટા-કલમ (૫) કમી કરવા ધાર્યું છે, જેથી કરીને વાર્ષિક હિસાબોનું ઓડિટ કરાવવાની અને નિર્દિષ્ટ કરેલા વ્યવસાયી દ્વારા રજૂ કરાયેલ મેળવણી પત્રકને ફરજિયાત જરૂરિયાત દૂર કરી શકાય.

**કલમ ૫.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૪૪ ને બદલે, નવી કલમ મૂકવા ધાર્યું છે, જેથી કરીને નિર્દિષ્ટ કરેલા વ્યવસાયી દ્વારા યોગ્ય રીતે ઓડિટ કરાયેલ મેળવણી પત્રક પૂરું પાડવાની ફરજિયાત જરૂરિયાતને દૂર કરી શકાય અને સ્વ-પ્રમાણીકરણના આધારે વાર્ષિક રિટર્ન રજૂ કરવા માટેની જોગવાઈ કરી શકાય. વધુમાં તેનાથી, વાર્ષિક રિટર્ન રજૂ કરવાની

જરૂરિયાતમાંથી વેરો ચૂકવનારાના વર્ગને મુક્તિ આપવાની કમિશનરને સત્તા આપે છે.

**કલમ ૬.-** આ કલમથી, પેટા-કલમ (૧)ના પરંતુકને બદલવા ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૫૦ સુધારવા ધાર્યું છે અને જેથી કરીને, સન ૨૦૧૭ના જુલાઇ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ, પશ્ચાદવર્તી રીતે ચોખ્ખી રોકડ જવાબદારી પર વ્યાજ વસૂલી શકાય.

**કલમ ૭.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૭૪ સુધારવા ધાર્યું છે જેથી કરીને, માર્ગસ્થ માલ અને વાહનોની ટાંચ અને જપ્તીની કાર્યવાહી વેરાની વસૂલાતથી અલગ કરી શકાય.

**કલમ ૮.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૭૫ સુધારવા ધાર્યું છે જેથી કરીને, "સ્વ-આકારેલી વેરાની રકમ"માં કલમ ૩૭ હેઠળ પૂરી પાડવામાં આવેલી પણ કલમ ૩૯ હેઠળ રજૂ કરેલા રિટર્નમાં સમાવિષ્ટ નહિ કરેલા જાવક પુરવઠાની વિગતોના સંબંધમાં ચૂકવવાપાત્ર વેરાનો સમાવેશ થશે, તે સ્પષ્ટ કરવા માટે, પેટા-કલમ (૧૨)માં *સ્પષ્ટીકરણ* દાખલ કરી શકાય.

**કલમ ૯.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૮૩ની પેટા-કલમ (૧) બદલવા ધાર્યું છે, જેથી કરીને એવી જોગવાઈ કરી શકાય કે પ્રકરણ ૧૨, પ્રકરણ ૧૪ અથવા પ્રકરણ ૧૫ હેઠળની કોઈ કાર્યવાહીના આરંભથી શરૂ થતા તે હેઠળ કરવામાં આવેલા હુકમની તારીખથી એક વર્ષની મુદત પૂરી થાય ત્યાં સુધી સમગ્ર મુદત માટે કામચલાઉ રીતે ટાંચમાં લેવાનું માન્ય રહેશે.

**કલમ ૧૦.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૦૭ની પેટા-કલમ (૬)માં નવો પરંતુક દાખલ કરવા ધાર્યું છે, જેથી કરીને જોગવાઇ કરી શકાય કે અપીલ કરનાર દ્વારા દંડની પચીસ ટકા જેટલી રકમની ચુકવણી ન કરવામાં આવે તો ૧૨૯ની પેટા-કલમ (૩) હેઠળ કરવામાં આવેલા હુકમ વિરુદ્ધ કોઈપણ અપીલ દાખલ કરી શકાશે નહિ.

**કલમ ૧૧.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૨૯ સુધારવા ધાર્યું છે, જેથી કરીને માલ અથવા વાહનોની જપ્તી અને દંડ લેવા સંબંધિત કલમ ૧૩૦ હેઠળની કાર્યવાહીથી માર્ગસ્થ માલ અને વાહનની અટકાયત, જપ્તી અને મુક્તિને સંબંધિત તે કલમ હેઠળની કાર્યવાહીને અલગ કરી શકાય.

**કલમ ૧૨.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૩૦ સુધારવા ધાર્યું છે કે જેથી કરીને માર્ગસ્થ માલ અને વાહનની અટકાયત, જપ્તી અને મુક્તિના સંબંધમાં, કલમ ૧૨૯ હેઠળની કાર્યવાહીથી માલ અથવા વાહનની જપ્તી અને દંડની વસૂલાત સંબંધિત તે કલમ હેઠળની કાર્યવાહીને અલગ કરી શકાય.

**કલમ ૧૩.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૫૧ બદલવા ધાર્યું છે, જેથી કરીને કમિશનરને કોઇ વ્યક્તિ પાસેથી, અધિનિયમ સંબંધિત તજવીજ કરેલી કોઇ બાબતોના સંબંધમાં માહિતી મંગાવવા માટેની સત્તા આપી શકાય.

**કલમ ૧૪.-** આ કલમથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની કલમ ૧૫૨-ની પેટા-કલમ (૧) સુધારવા ધાર્યું છે, જેથી કરીને કલમો ૧૫૦ અને ૧૫૧ હેઠળ મેળવવામાં આવેલી કોઇપણ માહિતીનો, સંબંધિત વ્યક્તિને સાંભળવાની તક આપ્યા સિવાય, અધિનિયમ હેઠળની કોઇ કાર્યવાહીઓના હેતુઓ માટે ઉપયોગ કરવો જોઇશે નહિ.

**કલમ ૧૫.-** આ કલમથી, કલમ ૭માં કરવામાં આવેલા સુધારાને પરિણામે, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમની અનુસૂચિ ૨-નો પરિચ્છેદ ૭, સન ૨૦૧૭ના જુલાઈ મહિનાની ૧લી તારીખથી પશ્ચાદવર્તી અસરથી કમી કરવા ધાર્યું છે.

**કનુભાઇ દેસાઇ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ ૫.-** (૧) આ કલમથી બદલવા ધારેલી કલમ ૪૪થી, રાજ્ય સરકારને, ઈનપુટ સેવા વિતરક, કલમ ૫૧ અને કલમ ૫૨ હેઠળ વેરો ચૂકવતી વ્યક્તિ, પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિ અને બિન-નિવાસીની વેરાપાત્ર વ્યક્તિ-સિવાયની રજિસ્ટર થયેલી દરેલ વ્યક્તિ-એ, વાર્ષિક પત્રક (રિટર્ન), જે સમયમાં અને જે નમૂનામાં અને જે રીતે પૂરું પાડવું જોઇશે તે સમય, નમૂનો અને રીત, નિયમોથી ઠરાવવાની સત્તા આપે છે.

(૨) આ કલમથી, એવી રીતે બદલવામાં આવેલી કલમ ૪૪ના પહેલા પરંતુકથી, કમિશનરને, સદરહુ કલમ ૪૪ હેઠળ કાઉન્સિલની ભલામણને આધારે રજિસ્ટર થયેલી વ્યક્તિઓના કોઇ વર્ગને, વાર્ષિક રિટર્ન (પત્રક) રજૂ કરવાની મુક્તિ આપવાની સત્તા મળે છે.

**કલમ ૯.-** આ કલમથી, બદલવામાં આવેલી કલમ ૮૩ની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, વેરાપાત્ર વ્યક્તિની અથવા કલમ ૧૨૨-ની પેટા-કલમ (૧ક)માં નિર્દિષ્ટ કરેલી કોઇ વ્યક્તિના બેંક ખાતા સહિતની કોઇ મિલકત, કમિશનર જે કામચલાઉ રીતે જપ્ત કરી શકશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૧૦.-** આ કલમના પેટા-ખંડ (૫)થી બદલવામાં આવેલી કલમ ૧૨૯ની પેટા-કલમ (૬)થી, રાજ્ય સરકારને, તે કલમ હેઠળ અટકાયતમાં કરેલા અથવા જપ્ત કરેલા માલ અથવા વાહનોનું જે રીતે અને જે સમયની અંદર વેચાણ કરવું જોઇશે અથવા તેનો નિકાલ કરવો જોઇશે તે રીત અને તે સમય, નિયમોથી ઠરાવવાની સત્તા આપે છે.

તારીખ: ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૧ **કનુભાઇ દેસાઇ.**

<u>પુરવણી</u>

**ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા) માંથી ઉતારા.**

----------------------------------------------------------------------------------------

૩૫. (૧) થી (૪) □□□ □□□ □□□ **હિસાબો અને બીજા રેકર્ડ.**

(૫) નાણાકીય વર્ષ દરમિયાન જેનું ટર્નઓવર ઠરાવેલી મર્યાદાથી વધી જાય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ, પોતાના હિસાબો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એકાઉન્ટન્ટ પાસે ઓડિટ કરાવવા જોઇશે અને ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે ઓડિટ થયેલા વાર્ષિક હિસાબો, કલમ ૪૪ની પેટા-કલમ (૨) હેઠળ મેળ પત્રક અને તેવા બીજા દસ્તાવેજોની નકલ રજૂ કરવી જોઇશે.

પરંતુ આ પેટા-કલમમાંનો કોઇપણ મજકૂર, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇપણ કાયદા હેઠળ સ્થાનિક સત્તામંડળના હિસાબની તપાસ (ઓડિટ) માટે નીમેલા ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ અથવા ઓડિટર દ્વારા જેમના હિસાબના ચોપડા, તપાસ (ઓડિટ)ને અધીન હોય તેવા, કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળના કોઇ વિભાગને લાગુ પડશે નહિ.

(૬) □□□ □□□ □□□

૪૪. (૧) ઇનપુટ સેવા વિતરણકર્તા સિવાયની દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિ, કલમ ૫૧ અથવા કલમ ૫૨ હેઠળ વેરો ચૂકવતી વ્યક્તિ, પ્રાસંગિક વેરાપાત્ર વ્યક્તિ અને બિન-નિવાસી વેરાપાત્ર વ્યક્તિએ, તેવું નાણાકીય વર્ષ પૂરું થાય તે પછીના ડિસેમ્બર મહિનાની એકત્રીસમી તારીખે અથવા તે પહેલાં ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે દરેક નાણાકીય વર્ષ માટે ઇલેક્ટ્રોનિક રીતે વાર્ષિક અહેવાલ રજૂ કરવો જોઇશે. વાર્ષિક પત્રક.

પરંતુ કમિશનર, કાઉન્સિલની ભલામણો પરથી અને લેખિતમાં કારણોની નોંધ કરીને, જાહેરનામાથી તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિઓના એવા વર્ગ માટે, વાર્ષિક પત્રક રજૂ કરવા માટેની સમયમર્યાદા લંબાવી શકશે:

વધુમાં, કેન્દ્રીય વેરા કમિશનર દ્વારા જાહેર કરેલી સમયમર્યાદાનો કોઈ વધારો, કમિશનર દ્વારા કર્યો હોવાનું ગણાશે.

(૨) કલમ ૩૫-ની પેટા-કલમ (૫)ની જોગવાઇઓ અનુસાર પોતાના હિસાબોનું ઓડિટ કરાવવું જરૂરી હોય તેવી દરેક રજિસ્ટર થયેલી વ્યક્તિએ, ઓડિટ થયેલા વાર્ષિક નાણાકીય પત્રક સહિત ઓડિટ કરેલા વાર્ષિક હિસાબોની નકલ અને નાણાકીય વર્ષ માટે રજૂ કરેલા પત્રકમાં જાહેર કરેલી પુરવઠાની કિંમતનો મેળ કરતાં મેળવણી પત્રક સાથે પેટા-કલમ (૧) હેઠળ વાર્ષિક પત્રક ઇલેક્ટ્રોનિક રીતે રજૂ કરવું જોઇશે.

વેરાની વિલંબિત ચુકવણી પર વ્યાજ.

૫૦. (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ અનુસાર વેરો ચૂકવવા જવાબદાર હોય પણ ઠરાવેલી મુદતની અંદર સરકારને વેરો અથવા તેનો કોઇ ભાગ ચૂકવવામાં ચૂક કરે તેવી દરેક વ્યક્તિએ, જે મુદત માટે વેરો અથવા તેનો કોઇ ભાગ વણચૂકવાયેલો રહે તે મુદત સુધી, કાઉન્સિલની ભલામણોના આધારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેવા અઢાર ટકાથી વધારે નહિ તેટલા દરે વ્યાજ તેની પોતાની રીતે ચૂકવવું જોઇશે.

પરંતુ કલમ ૩૯ની જોગવાઇઓ અનુસાર નિયત તારીખ પછી રજૂ કરવામાં આવેલ વેરા મુદત દરમિયાન અને સદરહુ મુદત માટેના પત્રકમાં જાહેર કરેલ પૂરા પાડવામાં આવેલા પુરવઠાના સંબંધમાં, ચૂકવવાપાત્ર વેરા પરનું વ્યાજ, આવું પત્રક, સદરહુ મુદતના સંબંધમાં કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળની કોઇ કાર્યવાહીના આરંભ પછી રજૂ કરવામાં આવેલુ હોય તે સિવાય, ઇલેક્ટ્રોનિક રોકડ ખાતાવહીમાં ઉધાર રાખીને ચૂકવેલ વેરાના તે ભાગ પર લેવામાં આવશે.

(૨) અને (3) XXX XXX XXX

વેરો ન ચૂકવવા અથવા ઓછો વેરો ભરવા અથવા ભૂલથી રિફંડ આપવા અથવા કપટપૂર્વક ઇનપુટ વેરા શાખ ખોટી રીતે લેવા અથવા ઉપયોગ કરવા અથવા સ્વેચ્છાપૂર્વક કોઇ ખોટું નિવેદન આપવા અથવા કોઈ હકીકત છુપાવવાના કિસ્સામાં વેરો નક્કી કરવા બાબત.

૭૪. (૧) યોગ્ય અધિકારીને એમ જણાય કે કોઇ વેરો ચૂકવવામાં આવેલ નથી અથવા ઓછો વેરો ભરેલ છે અથવા ભૂલથી રિફંડ આપેલ છે અથવા કપટ અથવા વેરો ટાળવા માટે સ્વેચ્છાપૂર્વક કોઇ ખોટું નિવેદન આપીને અથવા હકીકતો છુપાવીને ઇનપુટ વેરા શાખ ખોટી રીતે મેળવેલ છે અથવા ઉપયોગ કરેલ છે, ત્યારે તેણે એવી વેરાપાત્ર વ્યક્તિ કે જેણે વેરો ચૂકવેલ ન હોય અથવા ઓછો ચૂકવેલ હોય અથવા જેને ભૂલથી રિફંડ આપેલ હોય અથવા જેણે ખોટી રીતે ઇનપુટ વેરા શાખ લીધી હોય અથવા ઉપયોગ કરેલ હોય તેવી વ્યકિતને, નોટિસમાં નિર્દિષ્ટ કરેલી રકમ તેમજ કલમ ૫૦ હેઠળ તેની ઉપર ચૂકવવાપાત્ર વ્યાજની રકમ અને નોટિસમાં

નિર્દિષ્ટ કરેલ વેરા જેટલો જ દંડ તેણે શા માટે ભરવો જોઇએ નહિ તેના કારણો દર્શાવવા ફરમાવતી નોટિસ બજાવવી જોઇશે.

(૨) યોગ્ય અધિકારીએ, હુકમ કાઢવા માટેની પેટા- કલમ (૧૦)માં જણાવેલ સમય-મર્યાદાના ઓછામાં ઓછા છ મહિના પહેલાં પેટા-કલમ (૧) હેઠળની નોટિસ બજાવવી જોઇશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ કોઇ મુદત માટે નોટિસ કાઢવામાં આવેલ હોય ત્યારે, યોગ્ય અધિકારી, ન ભરેલ કે ઓછા ભરેલ વેરા અથવા ભૂલથી કરેલા રિફંડની અથવા પેટા-કલમ (૧) હેઠળ આવરી લીધેલ મુદત સિવાયની તેવી મુદતો માટે ખોટી રીતે લીધેલ અથવા ઉપયોગમાં લીધેલી ઇનપુટ વેરા શાખ ધરાવતું પત્રક, વેરાપાત્ર વ્યક્તિ ઉપર બજાવી શકશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ પત્રકની બજવણીને, પેટા-કલમ (૧) હેઠળ આવરી લીધેલ મુદત સિવાયની મુદતો માટે, કપટ અથવા સ્વેચ્છાપૂર્વકના કોઇ ખોટા નિવેદન અથવા વેરો ટાળવા કોઈ હકીકત છુપાવવાના કારણો સિવાયના જે કારણો પર આધાર રાખવામાં આવ્યો હોય તે કારણો, અગાઉની નોટિસમાં જણાવેલ કારણો જેવા જ હતાં એવી શરતને અધીન રહીને કલમ ૭૩ની પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવેલ નોટિસની બજવણી તરીકે ગણવામાં આવશે.

(૫) વેરાપાત્ર વ્યક્તિ, પેટા-કલમ (૧) હેઠળની નોટિસની બજવણી પહેલાં, એવા વેરાની તેણે પોતે કરેલી ખાતરીના આધારે અથવા યોગ્ય અધિકારીએ કરેલ ખાતરીને આધારે, કલમ ૫૦ હેઠળ તેના પર ચૂકવવાપાત્ર વ્યાજ અને એવા વેરાના પંદર ટકા જેટલો દંડ સહિત વેરાની રકમ ચૂકવી શકશે અને એવી ચૂકવણી કર્યાની જાણ, યોગ્ય અધિકારીને લેખિતમાં કરી શકશે.

(૬) યોગ્ય અધિકારીએ એવી માહિતી મળ્યે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ હેઠળ એવી રીતે ચૂકવેલ વેરાના અથવા ચૂકવવાપાત્ર કોઇ દંડના સબંધમાં, પેટા-કલમ (૧) હેઠળની કોઇ નોટિસની, બજવણી કરવી જોઇશે નહિ.

(૭) યોગ્ય અધિકારીનો એવો અભિપ્રાય હોય કે પેટા-કલમ (૫) હેઠળ ચૂકવેલી રકમ, ખરેખર ચૂકવવાપાત્ર રકમ કરતાં ઓછી હોય ત્યારે, તેણે, ખરેખર ચૂકવવાપાત્ર રકમ કરતાં ઓછી હોય તેવી રકમના સબંધમાં, પેટા-કલમ (૧)માં જોગવાઇ કર્યા પ્રમાણે નોટિસ કાઢવા અંગેની કાર્યવાહી કરવી જોઇશે.

(૮) પેટા-કલમ (૧) હેઠળની કોઇ વેરાપાત્ર વ્યક્તિ, નોટિસ કાઢયાના ત્રીસ દિવસની અંદર, કલમ ૫૦ હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજ સહિત સદરહુ વેરો અને એવા વેરાના પચીસ ટકા જેટલી રકમનો દંડ ચૂકવે ત્યારે, સદરહુ નોટિસના સબંધંમાંની તમામ કાર્યવાહીઓ પૂરી થયેલી હોવાનું ગણાશે.

(૯) યોગ્ય અધિકારીએ વેરાપાત્ર વ્યક્તિએ કરેલી રજૂઆત, કોઇ હોય તો, તેની વિચારણા કર્યા પછી, એવી વ્યક્તિ પાસેના લેણાં વેરા, વ્યાજ અને દંડની રકમ નક્કી કરવી જોઇશે અને હુકમ કરવો જોઈશે.

(૧૦) યોગ્ય અધિકારીએ, જે વર્ષ માટે વેરો ભરેલ ન હોય અથવા ઓછો ભરેલો હોય અથવા ખોટી રીતે ઇનપુટ વેરા શાખ લીધેલી હોય કે ઉપયોગ કરેલ હોય તે નાણાકીય વર્ષ માટેનું વાર્ષિક પત્રક પૂરું પાડવા માટેની છેલ્લી તારીખથી પાંચ વર્ષની અંદર અથવા ભૂલથી રિફંડ આપેલ હોય તે તારીખથી પાંચ વર્ષની અંદર, પેટા-કલમ (૯) હેઠળનો હુકમ કરવો જોઇશે.

(૧૧) કોઇ વ્યક્તિ તેના ઉપર પેટા-કલમ (૯) હેઠળ કાઢેલ હુકમની જાણ થયાના ત્રીસ દિવસની અંદર, કલમ ૫૦ હેઠળ ચૂકવવાપાત્ર વ્યાજ સહિત વેરો અને એવા વેરાના પચાસ ટકાને સમકક્ષ રકમનો દંડ ચૂકવે ત્યારે, સદરહુ નોટિસના સબંધંમાંની તમામ કાર્યવાહીઓ પૂરી થયેલી હોવાનું ગણાશે.

**સ્પષ્ટીકરણ ૧.**- કલમ ૭૩ અને આ કલમના હેતુઓ માટે,-

(૧) ''સદરહુ નોટિસના સંબંધમાંની તમામ કાર્યવાહીઓ'' એ શબ્દપ્રયોગમાં, કલમ ૧૩૨ હેઠળની કાર્યવાહીઓનો સમાવેશ થશે નહીં ;

(૨) તે જ કાર્યવાહીઓ હેઠળની નોટિસ, વેરો ચૂકવવા જવાબદાર મુખ્ય વ્યક્તિ અને કેટલીક અન્ય વ્યક્તિઓને આપવામાં આવે અને મુખ્ય વ્યક્તિ સામેની એવી કાર્યવાહીઓ કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળ પૂરી થયેલી હોય ત્યારે, કલમો ૧૨૨, ૧૨૫, ૧૨૯ અને ૧૩૦ હેઠળ દંડ ચૂકવવા જવાબદાર તમામ વ્યક્તિઓ સામેની કાર્યવાહીઓ પૂરી થયેલી હોવાનું ગણાશે.

**સ્પષ્ટીકરણ ૨.**- આ અધિનિયમના હેતુઓ માટે "માહિતી છુપાવવી" એ શબ્દપ્રયોગનો અર્થ, કોઇ વેરાપાત્ર વ્યકિતએ આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ પત્રક, નિવેદન, અહેવાલ અથવા પૂરા પાડેલ અન્ય કોઇ દસ્તાવેજમાં જાહેર કરવાનું જરૂરી હોય તેવી હકીકતો

અથવા માહિતી જાહેર ન કરવી અથવા યોગ્ય અધિકારીને જે માહિતી માંગેલી હોય તે માહિતી લેખિતમાં પૂરી ન પાડવી એવો થશે.

૮૩. (૧) કલમ ૬૨ અથવા કલમ ૬૩ અથવા કલમ ૬૪ અથવા કલમ ૬૭ અથવા કલમ ૭૩ અથવા કલમ ૭૪ હેઠળની કોઇ કાર્યવાહી પડતર હોય તે દરમિયાન, કમિશનરનો એવો અભિપ્રાય હોય કે સરકારી મહેસૂલના હિતના રક્ષણના હેતુ માટે એમ કરવું જરૂરી છે તો, તેઓ લેખિતમાં હુકમ કરીને, ઠરાવવામાં આવે તેવી રીતે વેરાપાત્ર વ્યક્તિની માલિકીની, બેંક ખાતા સહિતની કોઇ પણ મિલકત કામચલાઉ રીતે જપ્ત કરી શકશે.

અમુક કિસ્સામાં મહેસૂલનું રક્ષણ કરવા કામચલાઉ જપ્તી.

(૨) XXX XXX XXX

**૧૦૭.** (૧) થી (૫) XXX XXX XXX

અપીલ સત્તામંડળને અપીલ કરવા બાબત.

(૬) અપીલ કરનારે-

(ક) વાદગ્રસ્ત હુકમમાંથી ઊભા થતા વેરા, વ્યાજ, દંડ, ફી અને શિક્ષાની રકમના પોતે કબૂલ કર્યા હોય તેવા ભાગની સંપૂર્ણ રકમની, અને

(ખ) જેના સંબંધમાં અપીલ દાખલ કરવામાં આવી હોય તેવા, મહત્તમ પચીસ કરોડ રૂપિયાને અધીન રહીને, સદરહુ હુકમમાંથી ઊભા થતા વિવાદગ્રસ્ત વેરાની બાકી રહેતી રકમના દસ ટકા જેટલી રકમની,

-ચુકવણી કરી હોય તે સિવાય, પેટા-કલમ (૧) હેઠળ કોઇ અપીલ દાખલ કરી શકાશે નહિ.

(૭) થી (૧૬) XXX XXX XXX

**૧૨૯.** (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ વ્યક્તિ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, માર્ગમાં હોય તેવા કોઇ માલની હેરફેર કરે અથવા સંગ્રહ કરે, ત્યારે આવો તમામ માલ અને સદરહુ માલ અને આવા માલને લગતાં દસ્તાવેજો લઇ જવા માટે, હેરફેરના સાધન તરીકે વાપરવામાં આવતા વાહન, અટકાયત અથવા જપ્તીને પાત્ર થશે અને આવી અટકાયત અથવા જપ્તી પછી, તેને,-

માર્ગસ્થ હોય તેવા માલ અને વાહનની અટકાયત, જપ્તી અને તેને મુક્ત કરવા બાબત .

(ક) માલનો માલિક, આવા વેરા અને દંડની ચુકવણી માટે તૈયાર થાય, ત્યારે લાગુ પડતો વેરો અને આવા માલ પર ચૂકવવાપાત્ર વેરાના એકસો ટકા જેટલો દંડ અને મુક્તિ (માફી)

આપવામાં આવેલા માલના કિસ્સામાં, માલની કિંમતના બે ટકા જેટલી રકમ અથવા પચીસ હજાર રૂપિયા, બેમાંથી જે ઓછું હોય તેની ચુકવણી કર્યેથી;

(ખ) માલનો માલિક, આવા વેરા અને દંડની ચુકવણી માટે તૈયાર થાય નહિ, ત્યારે લાગુ પડતો વેરો અને માલ પર ચૂકવેલી વેરા રકમ ઘટાડીને, માલની કિંમતના પચાસ ટકા જેટલા દંડની ચુકવણી કર્યેથી અને મુકિત (માફી) આપેલા માલના કિસ્સામાં, માલની કિંમતના પાંચ ટકા જેટલી રકમ અથવા પચીસ હજાર રૂપિયા, બેમાંથી જે ઓછું હોય, તેની ચુકવણી કર્યેથી;

(ગ) ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે ખંડ (ક) અથવા ખંડ(ખ) હેઠળ ચૂકવવાપાત્ર રકમ જેટલી જામીનગીરી પૂરી પાડયેથી,

-મુક્ત કરવામાં આવશે:

પરંતુ માલની હેરફેર કરતી વ્યક્તિને, અટકાયત અથવા જપ્તીનો હુકમ બજાવ્યા વિના, આવા કોઇપણ માલ અથવા વાહનની અટકાયત કરી શકાશે નહિ અથવા તેને જપ્ત કરી શકાશે નહિ.

(૨) કલમ ૬૭ની પેટા-કલમ (૬) ની જોગવાઇઓ, ઉચિત ફેરફારો સાથે, માલ અને વાહનોની અટકાયત અને જપ્તી માટે લાગુ પડશે.

(૩) માલ અથવા વાહનોની અટકાયત કરતા અથવા તેને જપ્ત કરતા યોગ્ય અધિકારીએ, ચૂકવવાપાત્ર વેરા અને દંડ નિર્દિષ્ટ કરતી નોટિસ આપવી જોઇશે અને ત્યાર પછી ખંડ (ક) અથવા ખંડ (ખ) અથવા ખંડ (ગ) હેઠળ વેરા અને દંડની ચુકવણી માટે હુકમ કરવો જોઇશે.

(૪) સંબંધિત વ્યક્તિને સુનાવણીની તક આપ્યા સિવાય, પેટા-કલમ (૩) હેઠળ કોઇપણ વેરા, વ્યાજ અથવા દંડ નક્કી કરવા જોઇશે નહિ.

(૫) XXX XXX XXX

(૬) કોઇ માલની હેરફેર કરતી વ્યક્તિ અથવા માલનો માલિક, આવી અટકાયત અથવા જપ્તીના ચૌદ દિવસની અંદર પેટા-કલમ (૧) માં જોગવાઇ કર્યા પ્રમાણે, વેરા અને દંડની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય, ત્યારે કલમ ૧૩૦ની જોગવાઇઓ અનુસાર, વધુ કાર્યવાહીઓ કરવી જોઇશે:

પરંતુ અટકાયત કરવામાં આવેલો અથવા જપ્ત કરવામાં આવેલો માલ, ખરાબ થઇ જાય તેવો અથવા જોખમી પ્રકારનો હોય અથવા સમય જતાં તેની કિંમત ઘટવાની સંભાવના હોય, ત્યારે ચૌદ દિવસની સદરહુ મુદત, યોગ્ય અધિકારી ઘટાડી શકશે.

**૧30.** (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇ વ્યક્તિ- **માલ અથવા વાહનોની જપ્તી અને દંડ લેવા બાબત.**

(૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની કોઇ જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, વેરાની ચુકવણી ટાળવાના ઉદ્દેશ સાથે કોઇ માલ પૂરો પાડે અથવા મેળવે; અથવા

(૨) આ અધિનિયમ હેઠળ વેરો ચૂકવવાને તે પાત્ર હોય તેવા કોઇ માલનો હિસાબ આપે નહિ; અથવા

(3) રજિસ્ટ્રેશન (નોંધણી) માટે અરજી કર્યા સિવાય, આ અધિનિયમ હેઠળ વેરો ચૂકવવાને પાત્ર હોય તેવો કોઇ માલ પૂરો પાડે; અથવા

(૪) વેરાની ચુકવણી ટાળવાના ઉદ્દેશ સાથે આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની કોઇ જોગવાઇઓનું ઉલ્લંઘન કરે; અથવા

(૫) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, માલ લઇ જવા માટે, હેરફેરના સાધન તરીકે કોઇ વાહનનો ઉપયોગ કરે સિવાય કે વાહનનો માલિક પુરવાર કરે કે માલિકની પોતાની, તેના એજન્ટ, હોય તો, તેની અને વાહનનો હવાલો ધરાવતી વ્યક્તિની જાણ અથવા મૂક સંમતિ વિના આ રીતે તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો,

તો આવા તમામ માલ અથવા વાહનો, જપ્તીને પાત્ર રહેશે અને કલમ ૧૨૨ હેઠળ વ્યક્તિ, દંડને પાત્ર રહેશે.

(૨) આ અધિનિયમથી કોઇ માલ અથવા વાહનની જપ્તીને અધિકૃત કરવામાં આવે, ત્યારે તેનો ન્યાયનિર્ણય કરતાં અધિકારીએ, પોતાને યોગ્ય લાગે તેટલો દંડ, જપ્તીને બદલે ચૂકવવાનો વિકલ્પ માલના માલિકને આપવો જોઇશે:

પરંતુ આવો લેવાપાત્ર દંડ, જપ્ત કરેલા માલ ઉપર લેવાપાત્ર વેરાને બાદ કરતાં તેની (જપ્ત કરેલા માલની) બજાર કિંમત કરતાં વધવો જોઇશે નહિ :

વધુમાં, લેવાપાત્ર આવા દંડ અને શિક્ષાની એકંદર રકમ, કલમ ૧૨૯ ની પેટા-કલમ (૧) હેઠળ લેવાપાત્ર શિક્ષાની રકમ કરતાં ઓછી હોવી જોઇશે નહિ:

વળી, આવું કોઇ વાહન, ભાડા માટે માલ અથવા મુસાફરો લઇ જવા માટે ઉપયોગમાં લેવાતું હોય, ત્યારે વાહનના માલિકને, વાહનની જપ્તીના બદલે, તેના પર હેરફેર કરવામાં આવતા માલ પર ચૂકવવાપાત્ર વેરા જેટલો દંડ ચૂકવવાનો વિકલ્પ આપવો જોઇશે.

(3) પેટા-કલમ (૨) હેઠળ માલ અથવા વાહનની જપ્તીને બદલે, કોઇ દંડ નાખવામાં આવ્યો હોય, ત્યારે આવા માલ અથવા વાહનનો માલિક અથવા પેટા-કલમ (૧) માં ઉલ્લેખેલી વ્યક્તિ, વધુમાં, આવા માલ અથવા વાહનના સંબંધમાં ચૂકવવાપાત્ર કોઇ વેરા, દંડ અને ચાર્જ (ખર્ચ)ને પાત્ર થશે.

(૪) થી (૭) □□□ □□□ □□□

આંકડા એકઠા કરવાની સત્તા.

**૧૫૧.** (૧) કમિશનર, તેમને એમ કરવું જરૂરી જણાય, તો આ અધિનિયમથી તજવીજ કરાયેલી અથવા તેની સાથે સંકળાયેલી કોઇ બાબતને લગતાં આંકડા એકઠા કરવાં, જાહેરનામાથી આદેશ કરી શકશે.

(૨) આવું જાહેરનામું બહાર પાડવામાં આવ્યેથી, કમિશનર અથવા તેમણે આ અર્થે અધિકૃત કરેલી વ્યક્તિ, જેના સંબંધમાં આંકડા એકઠા કરવાના હોય તે સંબંધમાં, સંબંધિત વ્યક્તિઓને, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે એવી માહિતી અથવા પત્રકો રજૂ કરવા ફરમાવી શકશે.

માહિતી જાહેર કરવાને બાધ.

**૧૫૨.** (૧) કલમ ૧૫૦ અથવા કલમ ૧૫૧ના હેતુઓ માટે કોઇ બાબતના સંબંધમાં કોઇ વ્યક્તિગત પત્રક અથવા તેના કોઇ ભાગમાં આપેલી કોઇ માહિતી, સંબંધિત વ્યક્તિ અથવા તેના અધિકૃત પ્રતિનિધિની લેખિત સંમતિ સિવાય, એવી રીતે પ્રસિદ્ધ કરી શકાશે નહિ જેથી કરીને તે કોઇ ચોક્કસ વ્યક્તિને લગતી છે એમ ઓળખાઇ જાય અને એવી કોઇ માહિતીનો, આ અધિનિયમ હેઠળની કોઇ કાર્યવાહીના હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ.

(૨) આ અધિનિયમ અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ અધિનિયમ હેઠળના ફોજદારી કામના હેતુઓ માટે હોય તે સિવાય, આ અધિનિયમના હેતુઓ માટે આંકડા એકઠા કરવા અથવા તેના સંગ્રહ અથવા કોમ્પ્યુટરીકરણમાં રોકાયેલી ન હોય તેવી કોઇપણ વ્યક્તિને, કલમ ૧૫૧માં ઉલ્લેખેલી કોઇ માહિતી અથવા કોઇ વ્યક્તિગત પત્રક જોવા અથવા તેને ઉપલબ્ધ કરાવાની પરવાનગી આપી શકાશે નહિ.

(3) XXX XXX XXX

## અનુસૂચિ ૨

### (જુઓ કલમ ૭ (૧) (ઘ))

માલના પુરવઠા અથવા સેવાના પુરવઠા તરીકે હોવાનું ગણવામાં આવે તેવી પ્રવૃત્તિઓ અથવા લેવડદેવડો.

**૧ થી ૬** XXX XXX XXX

**૭.** માલ પૂરો પાડવા બાબત.

નીચેની બાબત એ માલના પુરવઠા તરીકે ગણાશેઃ-

વ્યક્તિઓના કોઇ બિન-સંસ્થાપિત એસોસિએશન અથવા મંડળ દ્વારા તેના સભ્યને રોકડ, વિલંબિત ચુકવણી અથવા બીજા કિંમતી અવેજ બદલ પૂરો પાડેલો માલ.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૨.]

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી કનુભાઇ દેસાઇ,

નાણા મંત્રીશ્રી.]

(સન ૨૦૨૧ના સપ્ટેમ્બર મહિનાની ૨૨મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.